# ક્રીપ્ટો કરન્સીમાં ઘટાડો અટક્યો, પરંતુ બિટકોઈન હજી ૨૦ હજારની અંદર

**કેપિટલ સંવાદદાતા તા.૧**

બિટકોઈનની રાહે શુક્રવારે ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં સુધારો થયો હતો. જોકે, બિટકોઈન ૨૦,૦૦૦ ડોલરની સપાટી કૂદવામાં નિષ્ફળ ગયો હતો. ડિફોલ્ટને લગતો ડર ઘટી જવાને લીધે તથા સંસ્થાકીય રોકાણકારોએ કરેલી ખરીદીને લીધે માર્કેટ થોડું વધ્યું હતું.

આંકડાઓના વિશ્લેષણ પરથી કહી શકાય કે સંસ્થાકીય રોકાણકારોએ વેચવાલી બંધ કરી લીધી છે. તેઓ સ્પોટ બિટકોઈનમાં મોટા પ્રમાણમાં ખરીદી કરી રહ્યા છે. આ સંજોગોમાં

## » ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી ૧૫ ઈન્ડેક્સમાં ૧.૪૫ ટકાનો સુધારો



ક્રીપ્ટો એક્સચેન્જોમાં પાછલા ચોવીસ કલાકમાં કુલ ૨૩૦ મિલ્યન ડોલરનાં કુલ ઊભાં ઓળિયાંનું લિક્વિડેશન થયું છે. લિક્વિડેટ થયેલાં મોટા ભાગનાં ઓળિયાં શોર્ટ હતાં.

અગાઉ, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ શુક્રવારે સાંજે આઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૧.૩૮ ટકા (૩૬૩ પોઈન્ટ) વધીને ૨૫૬૩૧.૬૮ પોઈન્ટ બંધ રહ્યો હતો.